## ''વણકર સાધુ'' અને ''હરિજન બાવા'' જાતિના ઈસમોને અનુસૂચિત જાતિના પ્રમાણપત્રો આપવા બાબત

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૯૨/૩૭૨/હ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૧૩-૧૦-૧૯૯૮.

વંચાણે લીધા : -

(૧) સમાજ કલ્યાણ વિભાગના તા. ૨૫-૧-૮૯ના ઠરાવ ક્રમાક : પરચ/૧૦૮૯/૨૨/(૨)/જ

(૨) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાને સંબોધીને લખેલા સમાજ કલ્યાણ વિભાગના તા. ૨-૮-૮૯ના પત્ર ક્રમાંક : પરચ/૧૫૮૯/૯૦૦/જ

(૩) સમાજ કલ્યાણ વિભાગને સંબોધીને લખવામાં આવેલ નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાનો તા. ૨૨-૩-૯૬નો પત્ર ક્રમાંક : સક/તાસ/૯૫/૩૧૬/મ.૩/૪૩૯૫.

(૪) સમાજ કલ્યાણ વિભાગને સંબોધીને લખવામાં આવેલ નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાનો તા. ૩૦-૭-૯૮નો અ. સ. પત્ર ક્રમાંક : સક/અગન/મ/૩/૯૮-૯૯/૯૩૨.

ઠરાવ :

કેન્દ્ર સરકાર દ્વારા અનુસૂચિત જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ બહાર પાડવામાં આવેલ ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં ક્રમાંક-૩ સામે બાવા-ઢેડ (Bava-Dedh) અને ઢેડ-સાધુ (Dedh-Sadhu) જાતિને અનુસૂચિત જાતિ તરીકે ગણેલ છે. આ જાતિના કેટલાક ઈસમો પોતાને 'હરિજન-બાવા' અગરતો 'વણકર સાધુ' ના નામે ઓળખાવતા હોય છે અથવા ઓળખાય છે. પરિણામે આ ઈસમોના શાળા છોડ્યાના પ્રમાણપત્રોમાં અગરતો અન્ય રેવન્યુ રેકર્ડમાં 'હરિજન બાંવા'' અથવા ''વણકર સાધુ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવતો હોવાથી આ જાતિના ઈસમોને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા આપવામાં આવતું નથી. સબબ આવા ઈસમોને અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવા તથા અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવા તથા અનુસૂચિત જાતિ તરીકે ના મળવાપાત્ર લાભો આપવા બાબતે ધારાસભ્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ સામાજિક કાર્યકરો તરફથી કેટલીક રજૂઆતો સરકારશ્રીને મળી હતી.

૨. સરકારશ્રીને મળેલ રજૂઆતો વંચાણે લેતા એવું ફલિત થતું હતું કે અનુસૂચિત જાતિની યાદીમાં સમાવિષ્ટ 'બાવા ઢેડ'' (Bava-Dedh) જાતિનો પર્યાય શબ્દ 'હરિજન બાવા' અને ઢેડ સાધુ (Dedh-Sadhu) જાતિનો પર્યાય શબ્દ 'વણકર સાધુ' છે. અને જે તે સમયે સરકારશ્રીની અનુમતિ મેળવીને આમુખમાં ક્રમાંક-૨ સામે જણાવેલ સમાજ કલ્યાણ વિભાગના તારીખ ૨-૮-૮૯ના પત્રથી નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતાને જરૂરી સ્પષ્ટતા કરતા જણાવવામાં આવેલ હતું કે 'હરિજન બાવા' અને 'વણકર સાધુ' ને અનુસૂચિત જાતિની માન્ય યાદીના ક્રમ-૩ સામે દર્શાવેલ ''ઢેડ બાવા'' અને ''ઢેડ સાધુ'' ના પર્યાય શબ્દ તરીકે ગણીને અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવા, આમ છતાં, નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાની કચેરીના આમુખમાં ક્રમ-૩ સામે જણાવેલ તા. ૨૨-૩-૯૬ અને આમુખમાં ક્રમ-૪ સામે જણાવેલ તા. ૩૦-૭-૯૮ના પત્રથી મળેલ અભિપ્રાય/રિમાર્કસ ધ્યાને લેતાં, પ્રસ્તુત બાબતમાં જરૂરી સ્વયંસ્પષ્ટ હુકમો રવાના કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩. પ્રસ્તુત બાબતમાં કાળજીભરી પુખ્ત વિચારણા કરીને આથી એવું ઠરાવવામાં આવે છે કે જે ઈસમો પોતાને ''હરિજન-બાવા'' અગરતો ''વણકર સાધુ'' તરીકે ઓળખાવતા હોય તેમજ એમના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં અગરતો અન્ય કોઈ રેવન્યુ રેકર્ડમાં ''હરિજન-બાવા'' અથવા ''વણકર સાધુ'' તરીકે ઉલ્લેખ થયેલ હોય તો તેવા ઈસમોને અનુસૂચિત જાતિની માન્ય યાદીના ક્રમ-૩ સામે દર્શાવેલ ''ઢેડ બાવા'' ના પર્યાય શબ્દ તરીકે ''હરિજન બાવા'' અને ''ઢેડ-સાધુ'' ના પર્યાય શબ્દ તરીકે ''વણકર-સાધુ'' ગણીને અનુસૂચિત જાતિ તરીકેના પ્રમાણપત્રો આપવા તથા અનુસૂચિત જાતિ તરીકે ના મળવાપાત્ર લાભો આપવા.

૪. આ ઠરાવની અમલવારી અંગે નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાએ સંબંધિત સર્વેને ઘટતી કાર્યવાહી કરવાની સુચના આપવા વિનંતી છે.

ગુજરાતના રાજપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી.
(વી. એમ. પરમાર)
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી. સચિવાલય ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય ગાંધીનગર.
સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય ગાંધીનગર.
સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ડૉ. જીવરીજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
(સંબંધિત સર્વેને જરૂરી સૂચના પાઠવવાની વિનંતી છે.)
તમામ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીઓના વડાઓ
સમાજ કલ્યાણ વિભાગ હેઠળના તમામ બોર્ડ/કોર્પોરેશન.
અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી.
સમાજકલ્યાણ વિભાગની સઘળી શાખાઓ.
સિલેક્ટ ફાઈલ.
* પત્ર દ્વારા.